*This Question Paper contains 16 printed pages.*
*(Part - A & Part - B)*

Sl.No. 0100221

# 13(G)

(JULY, 2018)
(New Course)

પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે.
Set No. of Question Paper circle against which is to be darken in OMR sheet.

**01**

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.

3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.

4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

5) પ્રશ્નપત્રની ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ દરેક સ્પંદને શું ઈચ્છે છે ?

(A) ઈશ્વરનું સાંનિધ્ય

(B) ઈશ્વરના નામનું રટણ

(C) ઈશ્વરનાં દર્શન

(D) સુખ અને સમૃદ્ધિ

2) 'જીવમાં જીવ આવ્યો' કૃતિમાં શેના દ્વારા સૃષ્ટિ બદલાયેલી લાગે છે ?

(A) પ્રાણીઓના અવાજથી (B) પક્ષીઓના કલરવથી

(C) માનવસૃષ્ટિના દુઃખથી (D) વરસાદના આગમનથી

3) ગિરિધરનાં ગુણ, દર્શન થકી શું થાય છે ?

(A) આપણે શ્રીમંત થઈએ છીએ.

(B) આપણાં બધાં દુઃખ દૂર થાય છે.

(C) આપણી ભક્ત તરીકે વાહવાહ થાય છે.

(D) આપણને લોકો પૂજે છે.

4) નીચેના વિધાનોમાં કયું વિધાન 'હાથ મેળવીએ' કાવ્યાંશને બંધબેસતું નથી ?

(A) આપણા હાથમાં કેટલુંયે છે.

(B) આપણા હાથમાં ઉષ્મા અને થડકો છે.

(C) આપણા હાથ સ્વચ્છ અને સુંદર છે.

(D) આપણા હાથ સારું-નઠારું કેટલુંયે કામ કરે છે.

5) 'તે બેસે અહીં' કાવ્ય દ્વારા પોતાનો બીજો હાથ શું જાણવા પામે નહિ ?

(A) દાન (B) ધર્મ

(C) પ્રેમ (D) ઝઘડો

6) 'આ બધામાં મને ક્યાં ગોઠવું ?' પંક્તિ દ્વારા કવયિત્રીએ કઈ ભાવના વ્યક્ત કરી છે ?

(A) દીવાનખાનામાં પોતાને માટે જગ્યા નથી.

(B) આધુનિક માણસની એકલતા અને નારી સંવેદના

(C) રાચરચીલું સંબંધની ઉષ્મા આપે છે.

(D) દીવાનખાનામાં પોતાને ગોઠવી શકતા નથી.